ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૪.૧૧.૨૦૧૭

------------

**વિકાસના મુદ્દે કોંગ્રેસ ને ચૂંટણી લડવા પડકાર – શ્રી અમિત શાહ**

------------

**કોંગ્રેસ માટે વિકાસ મજાક, ભાજપા માટે વિકાસ એ મિજાજ છે – શ્રી અમિત શાહ**

------------

**ભાજપા ૩/૪ બહુમતિ સાથે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થશે – શ્રી અમિત શાહ**

------------

**૨૦૦૧ થી ૨૦૧૪નો શ્રી નરેન્દ્રભાઇ મોદીનો શાસન એ ગુજરાતનો સુવર્ણકાળ – શ્રી અમિત શાહ**

------------

**શ્રીમતિ આનંદીબેન પટેલ, શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે – શ્રી અમિત શાહ**

------------

**રાહુલ ગુજરાતને પાંચ પ્રશ્નોના જવાબ આપે – શ્રી અમિત શાહ**

------------

**રાહુલ એન.જી.ઓ.ના ખોટા આંકડા બોલી જુઠ્ઠાણાં ન ફેલાવે – શ્રી અમિત શાહ**

------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના આજથી પ્રારંભ થયેલ પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવાતી પ્રવાસના પ્રથમ દિવસે તેઓશ્રીએ ગાંધીધામ ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ભાજપા ૩/૪ બહુમતિ સાથે વિજયી થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેઓશ્રીએ કોંગ્રેસ જ્યારે-જ્યારે ચૂંટણી આવે છે ત્યારે-ત્યારે દેખાય છે. ગુજરાતમાં ચૂંટણી પુરી થઇ જાય છે ત્યારે કોંગ્રેસ અદ્રશ્ય થઇ જાય છે. ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ જ્યારે આવે છે ત્યારે ગુજરાતની જનતાને કેટલાક પ્રશ્નોનાં જવાબ આપે તેવી પણ માંગણી કરી હતી.

રાહુલ ગાંધીને સીધાં પાંચ પ્રશ્નો કરતાં કહ્યું હતું કે,

**૧. નર્મદા યોજનાની મંજુરી કેમ ના આપી ?**
**૨. નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી કેમ ના આપી ?**
**૩. કચ્છને રણ વિસ્તારની સ્પેશિયલ ગ્રાન્ટ કેમ ન આપી ?**
**૪. પાટનગર ગાંધીનગરને કેન્દ્રની ગ્રાન્ટ કેમ નહોતી આપી ?**
**૫. ગુજરાતને ક્રુડ ઓઇલ – ગેસ રોયલ્ટીની ગ્રાન્ટમાં વર્ષો સુધી અન્યાય કેમ કર્યો ?**

તેઓશ્રીએ પત્રકારોને સંબોધનમાં જણાવ્યું હતું કે, ૧૯૯૦ થી ૨૦૧૭ સુધી નગરપાલિકાની ચૂંટણી હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાના ચૂંટણી હોય ભાજપા હંમેશા જીતતું આવ્યું છે, ગુજરાતની જનતાને ભાજપાને પ્રેમ આપ્યો છે, આશિર્વાદ આપ્યા છે, ભાજપાનું સંવર્ધન અને પરામર્જન કર્યું છે. ભાજપા તેનો ઋણી છે અને આભારી છે.

૨૦૦૧ થી ૨૦૧૪ સુધીનો ગુજરાતની ભાજપા સરકારનો કાર્યકાળ ગુજરાતના વહીવટ, સેવાકીય કાર્યો અને ગુજરાતની વિકાસયાત્રાનો સુવર્ણકાળ રહ્યો છે. ૨૦૧૪ પછી ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં એ પરંપરા આગળ વધી છે અને ગુજરાતનું ગૌરવ સતત વધ્યું છે.

(૨)

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

(૨)

તેઓશ્રીએ પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતુ કે, ૬૦ વર્ષમાં દેશમાં નક્કર કાર્યો ન કરનારી, દેશની પ્રગતિને રૂંધનારી કોંગ્રેસ વિકાસના ગ્રોથ એન્જિન ગુજરાતમાં આવી ‘‘વિકાસના પ્રશ્નો પૂછે છે’’ ત્યારે ગુજરાતની જનતા કોંગ્રેસના ઉપાધ્યક્ષને સ્વાભાવિક પ્રશ્ન પૂછે છે કે તમે ૬૦ વર્ષમાં શું કર્યુ ?

પોતાના પરિવારની પરંપરાગત લોકસભાની ઉત્તરપ્રદેશ રાજ્યની અમેઠી અને રાયબરેલી બેઠકોના પ્રજાજનોને વિકાસથી વંચિત રાખ્યા તેનો જવાબ તમારી પાસે છે ? તાજેતરમાં જ અમેઠીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કલેક્ટર કચેરીનું ખાતમુર્હુત મેં કર્યુ છે. પોતાના મતક્ષેત્રની પ્રજાની અપેક્ષા ન સંતોષી શકનાર ગુજરાતમાં વિકાસના પ્રશ્નો પૂછે છે?

કોંગ્રેસના શાસનમાં ૧૯૯૫ પહેલા ગુજરાતની જે સ્થિતિ હતી અને ૧૯૯૫ બાદ ગુજરાતમાં થયેલી પ્રગતિની સીલસાલાબંધ વિગતો આપતાં શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતુ કે, ગુજરાતે ભાજપાના શાસનમાં વિકાસના ક્ષેત્રે હરણફાળ સિધ્ધિ હાંસલ કરી છે.

| સેક્ટર | વિકાસ સૂચક | યુનિટ | ૧૯૯૫-૯૬ | ૨૦૧૫-૧૬ / ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|---|
| પોલીસ | પોલીસ સ્ટેશન અને પોસ્ટની સંખ્યા | સંખ્યામાં | ૧૪૯૯ | ૧૮૯૯ |
| | પોલીસમેનોની સંખ્યા | સંખ્યામાં | ૬૫૪૪૪ | ૮૪૦૮૪ |
| ઉર્જા | વીજળી ઉત્પાદન | એમયુ | ૩૬૭૩૨ | ૧૦૩૧૩૭ |
| | વીજળી સ્થાપિત કરવાની મર્યાદા | મેગાવોટ | ૬૩૬૩ | ૨૦૦૮૧ |
| | માથાદીઠ વીજ વપરાશ | કીલો વોટ | ૬૯૩ | ૧૯૧૦ |
| | વીજળીનો વપરાશ - કૃષિ ક્ષેત્રે | એમયુ | ૧૦૧૫૧ | ૧૭૭૩૪ |
| | વીજળીનો કુલ વપરાશ | એમયુ | ૨૭૧૩૮ | ૭૭૦૨૫ |
| પાણી પુરવઠો અને સ્વચ્છતા | નળ સાથે પાણીનું જોડાણ | ટકાવારીમાં | ૨૬.૦૬ | ૭૭.૪૬ |
| શિક્ષણ | શાળાઓની સંખ્યા (પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક) | સંખ્યામાં | ૪૧૩૧૮ | ૫૮૩૫૨ |
| | શિક્ષકોની સંખ્યા (પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક) | સંખ્યામાં | ૨૩૯૫૯૯ | ૪૬૪૯૫૭ |
| | વિદ્યાર્થીઓની સંખ્યા (પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક) | લાખમાં | ૯૨ | ૧૩૧ |
| | સાક્ષરતા દર | ટકાવારીમાં | ૬૯.૧ | ૭૮ |
| | પુરુષ સાક્ષરતા દર | ટકાવારીમાં | ૭૯.૭ | ૮૫.૮ |
| | મહિલા સાક્ષરતા દર | ટકાવારીમાં | ૫૭.૮ | ૬૯.૭ |
| | યુનિર્વસીટીની સંખ્યા | સંખ્યામાં | ૭ | ૫૭ |
| | એન્જીયરીંગ કોલેજોની સંખ્યા | સંખ્યામાં | ૨૦ | ૨૩૮ |
| | પોલીટિકનીક કોલેજોની સંખ્યા | સંખ્યામાં | ૪૯ | ૧૪૭ |
| | ઇનટેક કેપેસીટી - ડિગ્રી એન્જિનિયરિંગ | સંખ્યામાં | ૨૨૯૫ | ૭૭૭૬૧ |
| | ઇનટેક કેપેસીટી - ડીપ્લોમા એન્જિનિયરિંગ | સંખ્યામાં | ૬૦૨૦ | ૬૮૫૬૫ |
| રોડ - ટ્રાન્સપોર્ટ | રજીસ્ટર વાહનોની સંખ્યા | (લાખમાં) | ૩૩.૭૮ | ૨૦૩.૬૧ |
| | કુલ રોડની લંબાઇ | કીમી.માં | ૭૧૨૬૦ | ૮૦૫૮૨ |
| પોર્ટ | કાર્ગો હેન્ડલ - મુખ્ય બંદર | લાખ - મેટ્રીક ટન | ૩૦૩.૩૮ | ૧૦૦૦.૫૧ |
| | કાર્ગો હેન્ડલ - મધ્યમ અને નાના બંદર | લાખ - મેટ્રીક ટન | ૧૭૧.૫ | ૩૩૯૭.૭૯ |

(૩)

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



| સેક્ટર | વિકાસ સૂચક | યુનિટ | ૧૯૯૫-૯૬ | ૨૦૧૫-૧૬ / ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|---|
| કૃષિ અને સંબંધિત ક્ષેત્ર | અનાજનું કુલ ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૪૭.૭૪ | ૬૩.૧૭ |
| | કપાસનું કુલ ઉત્પાદન | લાખ - ગાંસડી | ૨૪.૦૮ | ૧૨૩. |
| | મગફળીનું કુલ ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૧૦.૩૨ | ૨૦.૪૨ |
| | કુલ વાવેલ વિસ્તાર (ખરીફ, રવિ અને ઉનાળુ) | લાખ હેક્ટર | ૧૦૯.૩૮ | ૧૨૬.૯૭ |
| | ફળોનું ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૨૧.૨૯ | ૮૫.૦૫ |
| | શાકભાજીનું ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૨૦.૮૯ | ૧૨૬.૮૨ |
| | મસાલાઓ અને મસાલાનું ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૨.૧ | ૮.૩૩ |
| | દૂધ ઉત્પાદન | લાખ - મેટ્રીક ટન | ૪૬.૦૯ | ૧૨૨.૬૨ |
| બેન્કીંગ | બેન્ક ક્રેડીટ | કરોડમાં | ૧૩૭૮૩ | ૩૯૨૩૭૭.૩ |
| | બેન્ક ડીપોઝીટ | કરોડમાં | ૨૩૯૫૯ | ૫૨૨૪૦૭.૨ |
| | ક્રેડીટ ડીપોઝીટ - રેશિયો | ટકાવારીમાં | ૫૧.૬૬ | ૭૫.૧૧ |
| | બેન્કની શાખાઓની સંખ્યા | સંખ્યામાં | ૩૫૨૩ | ૯૦૧૭ |
| આરોગ્ય | મેડીકલ સીટોની સંખ્યા | સંખ્યામાં | ૮૨૫ | ૩૨૩૦ |
| | ડોકટરોની સંખ્યા | સંખ્યામાં | ૨૬૪૩૪ | ૬૧૨૧૪ |
| | શિશુ મૃત્યુ દર | ૧૦૦૦ જન્મસામે | ૬૨ | ૩૩ |
| | માતૃત્વ મૃત્યુદર | ૧૦૦૦૦ જન્મસામે | ૨૦૨ | ૧૧૨ |
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સંખ્યામાં | ૯૫૭ | ૧૩૯૩ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર | સંખ્યામાં | ૧૮૫ | ૩૬૪ |
| બીપીએલ | બીપીએલ - હાઉસહોલ્ડ | ટકાવારીમાં | ૩૧.૬ | ૧૬.૬૩ |
| જાહેર નાણા | બજેટ સાઇઝ | કરોડમાં | 10232.12 (1994-95) | 172179.24 (2017-18) |
| જીએસડીપી | માથાદીઠ આવક | રુપિયામાં | ૧૩૬૬૫ | ૧૪૧૫૦૪ |

કચ્છ એ દેશનો સૌથી ઝડપથી વિકાસ પામતો જીલ્લો છે. કુદરતી હોનારત (ભૂકંપ) પછી ગુજરાતની ભાજપા સરકારની અને તત્કાલિન ભાજપાની કેન્દ્ર સરકારની કચ્છને પુન: ધબકતું કરવાની કાર્યપધ્ધતિને પરિણામે કચ્છની આજે કાયાપલટ થઇ છે. કચ્છ આજે પ્રવાસીઓ માટે અને ઓદ્યોગિક - આર્થિક વિકાસ માટેનું આકર્ષણ બન્યું છે.

કોંગ્રેસના નેતાઓ ભાજપાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારને પ્રશ્નો પુછે છે ત્યારે મારે તેમને જણાવવું છે કે, કોંગ્રેસના નેતાઓને વિકાસ કેમ દેખાતો નથી ? કોંગ્રેસના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



નેતાઓ અને રાહુલ ગાંધી ગુજરાતમાં આવે છે ત્યારે જે આંકડાઓ રજુ કરે છે, તે ચકાસીને રજુ કરે, કોઇએ આપેલી ખોટી માહિતીઓ રજુ કરીને ગુજરાતની જનતાને ગેરમાર્ગે ન દોરે, જુઠ્ઠાણાં ન ફેલાવે.

શ્રી અમિતભાઇ શાહે કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો કે, ૬૦ વર્ષમાં થયેલી કામગીરી અને ૩ વર્ષમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં થયેલી કામગીરીની સરખામણી કરે, દેશ ભાજપાની સરકારની પ્રજાકલ્યાણલક્ષી કામગીરી સમજી ગયો છે. કોંગ્રેસને પણ સત્ય સમજાઇ જશે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે કેન્દ્રની કોંગ્રેસની સરકારે ગુજરાત સાથે કરેલ અન્યાય અને ભાજપાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારે ગુજરાત માટે કરેલ વિશેષ કાર્યોની માહિતી આપતાં જણાવ્યું હતુ કે, સોનીયા – મનમોહનની સરકારમાં ૧૩માં નાણાંપંચમાં યુ.પી.એ. સરકાર દ્વારા મળતી ગ્રાન્ટ ૬૩,૩૪૬ કરોડ હતી જે અત્યારે વધીને ૧,૫૮,૩૭૭ કરોડ એટલે કે, લગભગ અઢી ગણા જેટલી વધી છે. તેમાં ૯૫,૦૦૦ કરોડ જેટલો જંગી વધારો થયો છે. સ્માર્ટ સીટી યોજના અંતર્ગત સુરત, અમદાવાદ, વડોદરાને સ્માર્ટ સીટી માટે ૫૦૭ કરોડ કેન્દ્ર તરફથી મળ્યા છે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાતને ૪૮૪ કરોડ ફાળવવામાં આવ્યા છે, અમદાવાદ મેટ્રો ટ્રેન માટે ૧૦,૭૭૭ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે ફાળવ્યા છે, યાત્રાધામ વિકાસ માટે ૨૨ કરોડ રૂપિયા, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૫૩૨ કરોડ રૂપિયા, ૩૧ અમૃત શહેરોના ડેવલપમેન્ટ માટે ૨૬૭ કરોડ રૂપિયા, પોર્ટ ડેવલપમેન્ટ માટે ૧૨૮ કરોડ રૂપિયા, ડિસ્ટ્રીક્ટ મીનરલ ફંડ માટે ૧૧૭ કરોડ રૂપિયા, ટુરિઝમ માટે ૨૫૫ કરોડ રૂપિયા, કચ્છ હેન્ડી ક્રાફ્ટ મેગા ફેસ્ટિવલ માટે ૨૮ કરોડ રૂપિયા, ઉદય ડિસ્કોમ યોજના હેઠળ ૬૮૦૦ કરોડ રૂપિયા અને સૌથી મહત્વપૂર્ણ મુદ્રા યોજના હેઠળ ૨૫ લાખ લાભાર્થીઓને ૧૬,૧૧૦ કરોડ રૂપિયા શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે ગુજરાતને અલગથી ફાળવ્યા છે. આ સિવાય ૧૨૦૦ કિલોમીટર નેશનલ હાઇ-વે, ૨૧,૪૭૫ કિલોમીટર સામે ૩૬૦૦૦ કિલોમીટર રોડ-રસ્તા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગુજરાતમાં બનાવ્યા છે. સી.આર.સી.એસ. યોજના હેઠળ ૪૮ હજાર મફત વિજળી કનેકશન આપ્યા છે અને પ્રધાનમંત્રી સિંચાઇ યોજના હેઠળ ૬,૫૩,૬૯૫ હેક્ટર જમીનને મંજુર કરી છે. રાજકોટના ઇન્ટરનેશનલ એરપોર્ટ અને એઇમ્સ અને મેટ્રો ટ્રેન, મુંબઇ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન, ઘોઘા-દહેજ રો-રો ફેરી એના કરતાં પણ વધુ મોટી વિકાસકાર્યોની યાદી છે તેમ જણાવી કોંગ્રેસને વિકાસના મુદ્દે ચૂંટણી લડવા પડકાર ફેંક્યો હતો.

કોંગ્રેસ માટે વિકાસ મજાક છે, ભાજપા માટે વિકાસ મિજાજ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૪.૧૧.૨૦૧૭

------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે થલતેજ સ્થિત ભાજપાના મીડિયા સેન્ટરની મૂલાકાત લીધી**

------------

પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આવતી કાલથી પાંચ દિવસ ગુજરાતના રાજ્યવ્યાપી પ્રવાસે છે તે સંદર્ભે શ્રી શાહ આજે મોડી રાત્રે અમદાવાદ ખાતે આવી પહોચ્યા હતા. એરપોર્ટથી સીધા જ થલતેજ સ્થિત ભાજપા મીડિયા સેન્ટરની મૂલાકાત રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ લીધી હતી.

આ પ્રસંગે ગુજરાતના પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલ જૈન, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યા, ડૉ. જગદીશ ભાવસાર, કેન્દ્રીય મીડિયા વિભાગ સહસંયોજકશ્રી સંજય મયુક, યુવા મોરચાના પ્રમુખશ્રી ડૉ. રૂત્વીજ પટેલ, ડૉ. હેમંતભાઇ ભટ્ટ, શ્રી સુનિલભાઇ શાહ, શ્રી વિક્રમ જૈન, શ્રી કિશનસિંહ સોલંકી વગેરે હાજર રહ્યા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ